# ધ અર્બન હેલ્થ સોસાયટી,મહાનગરપાલિકા જુનાગઢ

## આરોગ્ય શાખા

અર્બન હેલ્થ સોસાયટી જુનાગઢ માં એન.એચ.એમ. અંતર્ગત ૧૧ માસ ના કરાર આધારિત નીચે મુજબ ની ખાલી જગ્યાઓ ભરવા તથા ભવિષ્ય માં ખાલી થનાર જગ્યા માટે ની પ્રતીક્ષાયાદી તૈયાર કરવા માટે સદરહુ જાહેરાત આપવામાં આવે છે. નીચે મુજબ ની જગ્યા માટે જરૂરી લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ અરજી અરોગ્યસાથી સોફ્ટવેર ની લીંક https://arogyasathi.gujarat.gov.in પર તા. ૦૯/૧૧/૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાક થી તા.૨૩/૧૧/૨૦૨૫ ના રોજ રાત્રે ૧૧:૫૯ કલાક સુધી માં ઓનલાઈન અરજી કરવાની રહેશે.દર્શાવેલ ખાલી જગ્યા માટે ની જરૂરી લાયકાત ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ અંગે ની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | મહતમ ઉમર | ફિક્સ વેતન | અંદાજીત ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફીસર (અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર) | ૧.M.B.B.S. ગુજરાત મેડીકલ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરાવેલું હોવું ફરજીયાત છે.<br>૨.બેઝીક કોમ્પ્યુટર કોર્ષનું સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઈએ. | ૪૫ | રૂ. ૭૫,૦૦૦/- | ૯ |
| ૨ | સ્ટાફનર્સ (અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર) | ૧.ઈન્ડીયન નર્સીંગ માન્ય સંસ્થામાંથી બી.એસ.સી. નર્સીંગ અથવા જી.એન.એમ. પાસ કરેલ હોવું જોઈએ.<br>૨.ગુજરાત નર્સીંગ કાઉન્શીલ રજીસ્ટ્રેશન હોવું ફરજીયાત છે.<br>૩. બેઝીક કોમ્પ્યુટર કોર્ષનું સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઈએ. | ૪૫ | રૂ. ૨૦,૦૦૦/- | ૫ |

**શરતો :**

૧. ઉમેદવારની ફક્ત ઓનલાઈન https://arogyasathi.gujarat.gov.in પર કરવામાં આવેલ અરજી જ સ્વીકારવામાં આવશે. સાદી ટપાલ /કુરિયર/રૂબરૂ/સ્પીડ પોસ્ટ/આર.પી.એ.ડી. થી આવેલ અરજીઓ રદ ગણવામાં આવશે.

૨.સુવાચ્ય અને સ્પષ્ટ દેખાય તે રીતે ઓરીજનલ ડોક્યુમેન્ટની પી.ડી.એફ./ફોટો કોપી. સોફ્ટવેર માં ફરજીયાત અપલોડ કરવાની રહેશે.જો સ્પષ્ટ ન વંચાય તેવા ડોક્યુમેન્ટ અપલોડ કરેલ હશે તો તેવી અરજી રદ ગણવામાં આવશે.

૩.ઉપરોક્ત બંને કેડરના ઉમેદવારોએ લગત કાઉન્સિલ રજીસ્ટ્રેશન રીન્યુઅલ કરાવેલ હોય તેવા કિસ્સામાં રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની સાથે રીન્યુઅલ પહોચ/સ્લીપ સાથે એક PDF ફાઈલ બનાવી અપલોડ કરવાની રહેશે.

૪.અધુરી વિગતો વાળી,જરૂરી શૈક્ષણિક લાયકાત,અનુભવના પ્રમાણપત્ર,એચ.એસ.સી.,ગ્રેજ્યુએટના અટેમ્પટ સર્ટીફીકેટ,કાઉન્સિલ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ અને અન્ય જરૂરી પ્રમાણપત્ર જોડેલા નહિ હોય તો તેવી અરજીઓ અમાન્ય રહેશે.

૫.વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ વય મર્યાદાની ગણતરી કરવામાં આવશે એટલેકે તમામ ઉમેદવારોના કિસ્સામાં વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૩/૧૧/૨૦૨૫ની સ્થિતિએ ધ્યાને લેવામાં આવશે.

૬.ભરતીની પ્રક્રિયા સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ મેરીટ પ્રમાણે કરવામાં આવશે. એક સરખા મેરીટના કિસ્સામાં જે ઉમેદવારની વય વધારે હશે, તેને અગ્રતા આપવામાં આવશે.

૭.અરજી કરનાર ઉમેદવારો પૈકી પાત્રતા ધરાવતા તમામ ઉમેદવારોએ અત્રેની કચેરી દ્વારા નકકી કરેલ દિવસે,સમયે અને સ્થળે ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે અને તે દિવસે ગેરહાજર રહેનાર ઉમેદવારની ઉમેદવારી રદ ગણવામાં આવશે.

૮.ઉક્ત તમામ જગ્યાઓ માટે નો પત્ર વ્યવહાર તથા જરૂરી સુચના અત્રે ની કચેરી દ્વારા ફક્ત ઈ-મેઈલ દ્વારા જ કરવામાં આવશે જેથી તમામ ઉમેદવારોએ ઈ-મેઈલ આઈ.ડી. ખાસ કરી ને હાલ નું કાર્યરત ઈ-મેઈલ હોય તે જ નાખવાનું રહશે. જેની ખાસ નોંધ લેવી

૯.ભરતી અંગેના તમામ નિર્ણયો પસંદગી સમિતિ ને અબાધિત રહેશે.

૧૦.ભારત દેશની મેડીકલ કોલેજો માંથી M.B.B.S. કરેલા ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે.

૧૧.ગુજરાતની કોલેજો માંથી બી.એસ.સી. નર્સિંગ અથવા જી.એન.એમ. પાસ કરેલા ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે.

સભ્ય સચિવ<br>
અર્બન હેલ્થ સોસાયટી<br>
- વ -<br>
મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ<br>
મહાનગરપાલિકા,જુનાગઢ